
NHS
Test and Trace

**તમે ટેસ્ટ શરૂ કરો તે પહેલાં આખી માર્ગદર્શિકા ધ્યાનથી વાંચો.**
**તમે અગાઉ જેનો ઉપયોગ કર્યો છે તેના કરતાં આ પરીક્ષણ અલગ હોઈ શકે છે.**

# MP Biomedicals રૅપિડ SARS-CoV-2 ઍન્ટિજન ટેસ્ટ કાર્ડ માટે તમારી સ્ટૅપ-બાય-સ્ટૅપ ગાઇડ




Withdrawn January 2024

ઉપયોગ માટેની આ સૂચનાઓ માત્ર MP Biomedicals રૅપિડ SARS-CoV-2 ઍન્ટિજન ટેસ્ટ કાર્ડ, 07AG6007BS સાથે જ સંબંધિત છે.

COVID-19 માટે તમારો પોતાનો અને અન્ય વ્યક્તિનો ટેસ્ટ કેવી રીતે કરવો અને NHSને પરિણામો અંગે જાણ કેવી રીતે કરવી તે આ માર્ગદર્શિકા સમજાવે છે.

**વેલ્શ સહિતનાં** વૈકલ્પિક ભાષા સંસ્કરણો અને વિડીયો ડૅમોન્સ્ટ્રેશન્સ **gov.uk/covid19-self-test-help** પર ઉપલબ્ધ છે

**તમારા ટેસ્ટનાં બધાં પરિણામો NHSને જણાવો**

# તમારે શું કરવાનું છે

## તમારી સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શિકા

15 મિનિટનો સેટ અપ

કૃપા કરીને કાળજીપૂર્વક ઉપયોગ માટેની સૂચનાઓનું પાલન કરો અને યોગ્ય ક્રમમાં પગલાંઓને અનુસરો. પ્રત્યેક ટેસ્ટ સેટ અપ કરવામાં લગભગ 15 મિનિટ લાગશે અને પરિણામો વધુ 15 મિનિટ બાદ તૈયાર હશે.

### આ પુસ્તિકાની વિષયવસ્તુ


| વિભાગ | શીર્ષક | પાન |
|---|---|---|
| 1 | તમારા ટેસ્ટનો વિસ્તાર તૈયાર કરો | 6 |
| | તમારી ટેસ્ટ કિટની સામગ્રી ચકાસો | 7 |
| 2 | તમારું ટેસ્ટ સેટ અપ કરો | 8 |
| 3 | તમારો સ્વૅબ સામ્પલ લો | 10 |
| | અન્ય કોઈ વ્યક્તિને મદદ કરવી | 11 |
| 4 | સ્વૅબ નમૂના પર પ્રક્રિયા કરો | 12 |
| 5 | તમારું પરિણામ વાંચો | 14 |
| 6 | તમારા પરિણામ અંગે જાણ કરો | 15 |
| 7 | તમારાં પરિણામનો શો અર્થ છે | 16 |
| 8 | ટેસ્ટનો દેખાવ | 17 |
| 9 | તમારી ટેસ્ટ કિટનો સુરક્ષિત રીતે નિકાલ કરો | 17 |
| | તમારા ટેસ્ટનાં પરિણામોની નોંધ બનાવો | 18 |


## COVID-19 જેમને હોય એવા 3માંથી 1 લોકોને ખબર હોતી નથી કે તેમને આ રોગ છે.

નિયમિત સૅલ્ફ-ટેસ્ટથી આપણે ફેલાવો ધીમો કરી શકીએ છીએ અને આપણાં કુટુંબો અને સમાજોમાં સૌથી વધુ કમજોર લોકોનું રક્ષણ કરવામાં મદદ કરી શકીએ છીએ.



## ટેસ્ટ કરાવવા વિશે સલાહ

તમને સહાયતા કરવા માટે સમગ્ર માર્ગદર્શિકામાં ઉપયોગી ટિપ્સ, સલાહ અને ચેતવણીનાં ખાનાંઓ છે. આ સૂચનાઓનું કાળજીપૂર્વક સ્ટેપ-બાય-સ્ટેપ પાલન કરવાથી તમને વિશ્વસનીય પરિણામ મળવાની સંભાવનામાં વધારે રહેશે.

### સામાન્ય માર્ગદર્શન અને ચેતવણીઓ

- જો તમે નાકમાં નથણી પહેરી હોય તો સ્વૅબિંગ પૂર્વે નથણી કાઢી લો.
- જો તમને સ્વૅબિંગ દરમિયાન નાકમાંથી લોહી નીકળે તો કૃપા કરીને સ્વૅબિંગ અટકાવી દો. સ્વૅબનો ટેસ્ટ કરી શકાશે નહિ.
- આ પ્રૉડક્ટને કુદરતી રબર લેટેક્સ વડે બનાવવામાં આવી નથી. પરંતુ છેવાડાના વપરાશકર્તાને ડિલિવર કર્યા મુજબ પ્રૉડક્ટમાં કુદરતી રબર લેટેક્સની હાજરી કે તેના અંશો હોવાની શક્યતાને સંપૂર્ણપણે નકારી શકાય નહિ.
- ટેસ્ટ કિટ નાનાં બાળકોની પહોંચથી દૂર રાખો.
- સ્વૅબ સૅમ્પલિંગનાં પગલાંઓને ખૂબ કાળજીપૂર્વક અનુસરો અને હંમેશાં આ કિટ સાથી પૂરા પાડવામાં આવેલા સ્વૅબનો જ ઉપયોગ કરો. યોગ્ય રીતે નમૂનો એકત્ર કરવામાં નિષ્ફળ જવાથી ટેસ્ટનાં અચોક્કસ પરિણામો મળી શકે છે.
- જેઓની દૃષ્ટિ નબળી હોય એવા લોકો સહિત જેઓને વધારાની સહાયતાની જરૂર હોય તેઓને અન્ય પુખ્ત વ્યક્તિ મદદ કરી શકે છે. પરીક્ષણ કરતી વખતે પાન 11 પરની વધારાની માહિતી પર વિશેષ ધ્યાન આપો.

**ચેતવણી**

ઍક્સપાયરીની તારીખ વીતી ગયા બાદ પ્રૉડક્ટનો ઉપયોગ કરશો નહિ.

**સલાહ**

- ટેસ્ટ કિટનો ઠંડા કોરા સ્થળે (4°Cથી 30°C) સંગ્રહ કરો.
- તેને સીધા સૂર્યપ્રકાશમાં મૂકશો નહિ અને ફ્રિજ કે ફ્રીઝરમાં સંગ્રહ કરશો નહિ, કારણ કે તેનાથી અચોક્કસ પરીક્ષણ પરિણામો આવી શકે છે.
- જો સીલ કરેલ રૅપરને નુકસાન થયેલું હોય અથવા સીલ તૂટેલું હોય તો ટેસ્ટ કાર્ડનો ઉપયોગ કરશો નહિ.
- કિટનો ઉપયોગ રૂમના તાપમાને (15°Cથી 30°C) કરવો જોઈએ. જો કિટનો સંગ્રહ 15°Cથી ઓછા તાપમાનવાળી જગ્યાએ કરવામાં આવ્યો હોય તો તેનો ઉપયોગ કરતાં પહેલાં 30 મિનિટ માટે તેને ઓરડાના સામાન્ય તાપમાને મૂકી રાખો.


Withdrawn January 2024



આ સૂચનાપુસ્તિકા માત્ર MP Biomedicals રૅપિડ SARS-CoV-2 ઍન્ટિજન ટેસ્ટ કાર્ડ, પ્રૉડક્ટ કોડ: 07AG6007BSનો જ ઉલ્લેખ કરે છે.

# આ ટેસ્ટ વિશે

## શા માટે તમારે સૅલ્ફ-ટેસ્ટ કરવો જોઈએ

આ COVID-19 સૅલ્ફ-ટેસ્ટ કિટ એ તમે ચેપગ્રસ્ત થયા છો કે કેમ તે તપાસવા માટેનો એક સ્વૅબ ટેસ્ટ છે. તે એવા લોકો માટે છે જેઓને લક્ષણો હોય તેમજ એવા લોકો જેમને લક્ષણો ન હોય. જોકે, તમારા માટે કયા પ્રકારનો ટેસ્ટ યોગ્ય છે તે ચેક કરવા માટે તમારે રાષ્ટ્રીય નિર્દેશોનું પાલન કરવું જોઈએ.

### જો COVID-19 માટે તમારો ટેસ્ટ પૉઝિટિવ આવે તો:

- તમારે રોગનો ફેલાવો મર્યાદિત કરવામાં મદદ કરવી જોઈએ, તમારે અને તમારા ઘરના લોકોએ હાલના સરકારી નિર્દેશોનું પાલન કરવું જોઈએ: **nhs.uk/conditions/coronavirus-covid-19/self-isolation-and-treatment/**
- તમારાં લક્ષણો શરૂ થયાં તે અગાઉ છેલ્લા 48 કલાકમાં અથવા જો કોઈ લક્ષણો હાજર ન હોય તો પૉઝિટિવ ટેસ્ટ પરિણામ આવ્યાના દિવસથી તમે જેઓની સાથે ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યા હો એવા લોકો અને જે સ્થળોની મુલાકાત લીધી હોય તે અંગે લોકોને જાણ કરો અને સંભવિત COVID-19 ચેપ માટે ટેસ્ટ કરાવવાનું કહો. હંમેશાં સ્થાનિક અને રાષ્ટ્રીય નિર્દેશોનું પાલન કરો.

### જો તમારો COVID-19 માટેનો ટેસ્ટ નૅગેટિવ આવે તો

એ શક્ય છે કે ટેસ્ટ કરવામાં આવ્યો હોય તે સમયે તમે ચેપગ્રસ્ત ન હો. જોકે, નૅગેટિવ ટેસ્ટ પરિણામથી એવી કોઈ ખાતરી મળતી નથી કે તમને કોરોનાવાઇરસ નથી. તમારે સરકારી નિર્દેશોનું પાલન કરવાનું ચાલુ રાખવું જોઈએ.

**સલાહ**

જો તમને અથવા તમારા બાળક/બાળકોને કોરોનાવાઇરસનાં (COVID-19) લક્ષણો હોય અથવા કોરોનાવાઇરસનો (COVID-19) ચેપ લાગ્યો હોય તો કૃપા કરીને ઑનલાઈન NHSના નિર્દેશો જુઓ: **nhs.uk/conditions/coronavirus-COVID-19**

જો તમને અથવા તમારાં બાળક/બાળકોને કોરોનાવાઇરસનાં (COVID-19) લક્ષણો હોય અને પરિસ્થિતિ વધારે બગડે તો અથવા તમને/તમારા બાળકને/બાળકોને 7 દિવસો બાદ સારું ન થાય તો NHS **111** ઑનલાઇન સેવા પર જાઓ: **111.nhs.uk**. જો તમારી પાસે ઇન્ટરનેટની સુવિધા ન હોય તો કૉલ કરો NHS **111**. તબીબી કટોકટી માટે ડાયલ કરો **999**.

**જો તમને ચિંતા થતી હોય તો મદદ મેળવવામાં મોડું કરશો નહિ. તમને પોતાને વધારે ખબર હોય છે.**



## આ ટેસ્ટ કોના માટે યોગ્ય છે

### 14 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોને

કોઈ પુખ્ત વ્યક્તિએ મદદ કરવી જોઈએ. જો તમને બાળકની સહાયતા કરવામાં આત્મવિશ્વાસ જણાતો ન હોય તો આ ટેસ્ટ કરશો નહિ. (બાળકોને સહાયતા કરવા અંગે વધુ માહિતી માટે કૃપા કરીને પાન 11 જુઓ)

### 14 વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓ

14થી 17 વર્ષની ઉંમરના કિશોરો પુખ્ત વ્યક્તિના નિરીક્ષણ સાથે સૅલ્ફ-ટેસ્ટ કરી શકે છે. અન્ય તમામ સૅલ્ફ-ટેસ્ટ અને રિપોર્ટ, જરૂર જણાય તો મદદ સાથે.

### ટેસ્ટ કેટલી વખત કરવો

તમારે કેટલી વખત ટેસ્ટ કરવો જોઈએ તેમાં તમારા સંજોગો અને હાલના રાષ્ટ્રીય અને સ્થાનિક નિર્દેશોના આધારે ફેરફારો થઈ શકે છે.


### વધારાની સહાયતા ક્યાંથી મેળવવી

સૅલ્ફ-ટેસ્ટ માટે વધુ માહિતી આ લિંક પરથી મેળવો: **gov.uk/covid19-self-test-help**

Withdrawn January 2024

# 1. તમારા ટેસ્ટનો વિસ્તાર તૈયાર કરો

**તમને આની જરૂર પડશે:** કાંડા કે દીવાલ ઘડિયાળ જેવું ટાઇમર, ટિશ્યૂ, સરફેસ ક્લીનર, હૅન્ડ સૅનિટાઇઝર અથવા સાબુ અને ગરમ પાણીની સુવિધા.



1. ઉપયોગ માટેની આ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો. જો તમને વધુ સહાયતા જોઈતી હોય તો તમે ઑનલાઇન પણ સ્વૅબ ટેસ્ટનો વિડીયો જોઈ શકો છો: **gov.uk/guidance/covid-19-self-test-help**



2. ટેસ્ટ શરૂ કરતાં પહેલાં તરત એક સમતલ સપાટી સ્વચ્છ કરો, સાફ કરીને કોરી કરો, જેથી તેના પર ટેસ્ટ કિટ મૂકી શકાય.





3. સાબુ અને સાધારણ ગરમ પાણી અથવા હૅન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરીને 20 સેકંડ માટે તમારા હાથ બરાબર ધુઓ.
જો તમે એકથી વધુ વ્યક્તિનો ટેસ્ટ કરી રહ્યા હો અથવા વોઇડ ટેસ્ટ ફરીથી કરી રહ્યા હો તો પ્રત્યેક ટેસ્ટની વચ્ચે તમારા હાથ ફરીથી ધુઓ.

Withdrawn January 2024



# કિટની સામગ્રી ચેક કરો


4. તમારા ટેસ્ટ બૉક્સમાં તમારી પાસે નીચેની વસ્તુઓ હોવી જોઈએ. ખાતરી કરો કે કશું નુકસાન થયું ન હોય કે તૂટ્યું ન હોય.





ટ્યૂબ સ્ટૅન્ડ





સીલ કરેલા રૅપરમાં ટેસ્ટ કાર્ડ



ઍક્સ્ટ્રેક્શન બફર બૉટલ




સીલ કરેલા રૅપરમાં જંતુમુક્ત સ્વૅબ



ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ


### સલાહ

**કશુંક નુકસાન પામ્યું હોય, તૂટી ગયું હોય કે ગુમ થયું હોય તો શું કરવું**
જો તમને કંઈ પણ નુકસાન પામેલું, તૂટેલું કે ખૂટતું જણાય તો કૃપા કરીને આ ટેસ્ટ કિટનો ઉપયોગ કરશો નહિ. તમે અમારા ગ્રાહક સંપર્ક કેન્દ્રને કૉલ કરીને અભિપ્રાય આપી શકો છો. લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે.


કૉલ કરો: **119** (મોબાઇલ અને લૅન્ડલાઇનમાંથી મફત).
અમે 200 ભાષાઓમાં તેમજ બ્રિટિશ સાઇન લૅંગ્વિજમાં પણ સહાયતા આપીએ છીએ.

જો તમને કોઈ સાધન દ્વારા નુકસાન થયું હોય તો તે અંગે જાણ કરવાથી અન્યોને મદદ મળી શકે તો કૃપા કરીને આ લિંક પર જાઓ: **coronavirus-yellowcard.mhra.gov.uk**

# 2. તમારું ટેસ્ટ સેટ અપ કરો




**5** ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબને ટ્યૂબ સ્ટૅન્ડમાં મૂકો, જેથી પ્રવાહી ઢોળાતું ટાળી શકાય.




**6** ઍક્સ્ટ્રેક્શન બફર બૉટલનું ઢાંકણું ફેરવો.

**ચેતવણી:** ઍક્સ્ટ્રેક્શન બફર બૉટલને તમારા ચહેરાથી દૂર રાખીને ખોલો અને તેમાંથી કોઈ પ્રવાહી ઢોળાય નહિ તેની સાવધાની રાખો.




**7** ઍક્સ્ટ્રેક્શન બફર બૉટલમાંનું બધું જ બફર સૉલ્યુશન ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબમાં નીચોવો.

**ચેતવણી:** ટ્યૂબની સામે બૉટલને અડવાનું ટાળો.




**8** ટિશ્યૂમાં હળવેથી તમારું નાક ખંખેરો અને બંધ કચરાપેટીમાં ટિશ્યૂ ફેંકી દો.

જો તમે બાળકનો ટેસ્ટ કરી રહ્યા હો તો તેને પોતાનું નાક ખંખેરવામાં મદદ કરો. આ એટલા માટે છે જેથી તે વધારાના મ્યૂકસથી મુક્તિ મેળવે.







**9** ફરીથી સાબુ અને ગરમ પાણીનો ઉપયોગ કરીને 20 સેકંડ માટે તમારા હાથ પૂરેપૂરા ધુઓ.




**10** સીલ કરેલા રૅપરમાં સ્વૅબ શોધો. સ્વૅબ પર નરમ, રેશમી ટોચ ઓળખો.




**11** સ્વૅબ રૅપર ફાડીને ખોલો અને કાળજીપૂર્વક સ્વૅબ બહાર કાઢો.

**ચેતવણી**

તમારા હાથ વડે સ્વૅબની નરમ, રેશમી ટોચને અડશો નહિ


Withdrawn January 2024

# 3. તમારો સ્વૅબ સામ્પલ લો


**ચેતવણી**

માત્ર નાકમાંથી જ સ્વૅબ નમૂનાનો ઉપયોગ કરીને ટેસ્ટ કરવામાં આવવો જોઈએ. જો તમે સ્વૅબ માટેની સૂચનાઓનું કાળજીપૂર્વક પાલન ન કરો તો તેનાથી ટેસ્ટનાં અચોક્કસ પરિણામો મળી શકે છે.

**જો 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકને સહાયતા કરી રહ્યા હો અથવા એવી વ્યક્તિ કે જેને સહાયતાની જરૂર હોય તો પાન 11 પરનાં પગલાંઓને અનુસરો.**




**12** એક નસકોરામાં સ્વૅબને કાળજીપૂર્વક દાખલ કરો. નસકોરાની ધારથી ઓછામાં ઓછા 2.5 સેમી અંતરે સ્વૅબની ટોચને દાખલ કરવી જોઈએ.




**13** વર્તુળાકાર ગતિમાં તમારા નાકની અંદરના ભાગ ફરતે 3-4 વખત સ્વૅબ હળવેથી ફેરવો. તેને ધીમેથી દૂર કરો. કોઈ બળ કરવું જરૂરી નથી અને તમારે તમારા નસકોરામાં અંદર દૂર સુધી ધકેલવાની જરૂર નથી.

**ચેતવણી:** આ અગવડદાયક લાગી શકે છે. જો તમને મજબૂત ગતિરોધ અથવા દુખાવો થાય તો સ્વૅબ બિલકુલ વધારે ઊંડો દાખલ કરશો નહિ.

**એ જ સ્વૅબનો ઉપયોગ કરીને અન્ય નસકોરા માટે પગલાં 12 અને 13નું પુનરાવર્તન કરો.**




# અન્ય કોઈ વ્યક્તિને મદદ કરવી

14 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોને કોઈ પુખ્ત વ્યક્તિએ સહાયતા કરવી જોઈએ. જેને સહાયતાની જરૂર હોય એવા બાળકને અથવા વ્યક્તિને કેવી રીતે તૈયાર કરવા અને મદદ કરવી તે અંગે નીચેના નિર્દેશોનું પાલન કરો. તમે આ લિંક પર ડૅમો વિડીયો જોઈ શકો છો:
**gov.uk/guidance/covid-19-self-test-help**
જો તમે બાળકને સહાયતા કરી રહ્યા હો તો તેઓને ટેસ્ટ કિટ બતાવો અને તમે શું કરવા જઈ રહ્યા છો તે વિશે તેઓની સાથે વાત કરો. બાળકને ટિશ્યૂમાં પોતાનું નાક ખંખેરવાનું કહો. બંધ કચરાપેટીમાં ટિશ્યૂ મૂકો.



**12** તેઓના એક નસકોરામાં સ્વૅબને કાળજીપૂર્વક દાખલ કરો. ગતિરોધનો અનુભવ ન થાય ત્યાં સુધી સ્વૅબની ટોચને દાખલ કરવી જોઈએ.




**13** વર્તુળાકાર ગતિમાં તેઓના નાકની અંદરના ભાગ ફરતે 3-4 વખત સ્વૅબ હળવેથી ફેરવો. તેને ધીમેથી દૂર કરો. કોઈ બળ કરવું જરૂરી નથી અને તમારે તેઓના નસકોરામાં અંદર દૂર સુધી ધકેલવાની જરૂર નથી.

**ચેતવણી:** આ અગવડદાયક લાગી શકે છે. જો તેઓ મજબૂત ગતિરોધ અથવા દુખાવો અનુભવે તો સ્વૅબ બિલકુલ વધારે ઊંડો દાખલ કરશો નહિ.

**એ જ સ્વૅબનો ઉપયોગ કરીને અન્ય નસકોરા માટે પગલાં 12 અને 13નું પુનરાવર્તન કરો.**


Withdrawn January 2024

# 4. સ્વૅબ નમૂના પર પ્રક્રિયા કરો


Withdrawn January 2024

**ટિપ**

શ્રેષ્ઠ દેખાવ માટે તમારા નસકોરાંને લૂછ્યા બાદ શક્ય તેટલી જલ્દી નેસલ સ્વૅબ ટેસ્ટ કરો.




**14** ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ લો અને ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબમાં નમૂના સાથેનો સ્વૅબ મૂકો. સ્વૅબને 3થી 5 વખત ફેરવો. સ્વૅબને ઍક્સ્ટ્રેક્શન સૉલ્યુશનમાં 1 મિનિટ માટે મૂકી રાખો.



**15** ટ્યૂબમાં શક્ય તેટલું દ્રાવણ રહે તે માટે સ્વૅબને દૂર કરતી વખતે આંગળીઓ વડે ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબને ચપટી ભરો. સ્વૅબને ફરીથી સ્વૅબ રૅપરમાં મૂકો.




**16** ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબની ઉપર ડ્રૉપર કૅપને ચુસ્તપણે બંધ કરો.

**સલાહ**

આ પગલું પૂરું કર્યા બાદ તમારા હાથ ફરીથી ધુઓ.





**17** ફૉઇલ પાઉચ ખોલો અને ટેસ્ટ કાર્ડને દૂર કરો.


**ચેતવણી**

એક વખત ખોલ્યા બાદ ટેસ્ટ કાર્ડનો તાત્કાલિકપણે ઉપયોગ કરવો જોઈએ.




**18** ટેસ્ટ કાર્ડ સ્વચ્છ, સમતલ અને સપાટ સપાટી પર હોય તેની ખાતરી કરો.

ટેસ્ટ દરમિયાન કાર્ડ ખસેડશો નહિ.




**19** ટેસ્ટ કાર્ડ પરના વેલમાં (S લેબલ હશે) ટેસ્ટના નમૂનાનાં 3 ટીપાં મૂકવા માટે ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબને હળવેથી દબાવો.

**ચેતવણી:** ખાતરી કરો કે તમે પ્રવાહી પાડી રહ્યા છો અને વેલમાં હવાના પરપોટાઓ ન હોય.




**20** ટાઇમર સેટ કરો અને તમે તમારું પરિણામ વાંચો તે પહેલાં 15 મિનિટ રાહ જુઓ. કોઈ પણ સમયે પૉઝિટિવ રિઝલ્ટ આવી શકે છે, પરંતુ નૅગેટિવ રિઝલ્ટ નોંધવા માટે તમારે પૂરી 15 મિનિટ સુધી રાહ જોવી જોઈએ, કારણ કે ટેસ્ટ લાઇન (T) દેખાવામાં આટલો સમય લઈ શકે છે.

તમારું રિઝલ્ટ કેવી રીતે વાંચવું અને તે અંગે કેવી રીતે જાણ કરવી તે પછીના પાને જાણો. >>

આ સૂચનાપુસ્તિકા માત્ર MP Biomedicals રૅપિડ SARS-CoV-2 ઍન્ટિજન ટેસ્ટ કાર્ડ, પ્રૉડક્ટ કોડ: 07AG6007BSનો જ ઉલ્લેખ કરે છે.


આ સૂચનાપુસ્તિકા માત્ર MP Biomedicals રૅપિડ SARS-CoV-2 ઍન્ટિજન ટેસ્ટ કાર્ડ, પ્રૉડક્ટ કોડ: 07AG6007BSનો જ ઉલ્લેખ કરે છે.

# 5. તમારું પરિણામ વાંચો

**અગત્યનું**

ટેસ્ટને વિકસવા માટે 20 મિનિટથી વધુ સમય માટે રાખી મૂકશો નહિ, કારણ કે તેનાથી પરિણામ અમાન્ય થશે.








## પૉઝિટિવ પરિણામ

બે લાઇનો દેખાશે. એક રંગીન લાઇન કન્ટ્રોલ લાઇનના વિસ્તારમાં (C) હોવી જોઈએ અને અન્ય રંગીન લાઇન ટેસ્ટ લાઇનના વિસ્તારમાં (T) હોવી જોઈએ.
Cની પાસેની એક લાઇન અને Tની પાસેની એક લાઇન, એમ બે લાઇનો, ઝાંખી લાઇનો પણ સૂચવે છે કે ટેસ્ટ પૉઝિટિવ છે.


**અગત્યનું**

જો તમારો ટેસ્ટ પૉઝિટિવ આવે તો તમારે સૅલ્ફ-આઇસોલેટ થવું જોઈએ અને તમારા ઘરના લોકોએ સૅલ્ફ-આઇસોલેટ થવા વિશે સરકારી નિર્દેશોનું પાલન કરવું જોઈએ:
**nhs.uk/conditions/coronavirus-covid-19/self-isolation-and-treatment/**




## નૅગેટિવ પરિણામ

એક રંગીન લાઇન કન્ટ્રોલ લાઇનના વિસ્તારમાં (C) દેખાય છે. ટેસ્ટ લાઇનના વિસ્તારમાં (T) કોઈ લાઇન દેખાતી નથી.





## અમાન્ય પરિણામ

કન્ટ્રોલ લાઇન (C) દેખાઈ શકતી નથી.



# 6. તમારા પરિણામ અંગે જાણ કરો


## તમારે તમારાં પૉઝિટિવ, નૅગેટિવ અને અમાન્ય પરિણામો અંગે NHSને જાણ કરવી જોઈએ.




ટેસ્ટનાં બધાં પરિણામોને રેકૉર્ડ કરવાથી વૈજ્ઞાનિકોને વાઇરસની નવી મહામારીઓ શોધવામાં અને કેવી રીતે પ્રતિસાદ આપવો તેની સલાહ આપવામાં મદદ મળે છે. જો લોકો પૉઝિટિવ પરિણામ અંગે જ જાણ કરે તો કેસનાં સ્તરો ખરેખર હોય તેના કરતાં વધારે લાગે છે.

તેથી, તમારું પરિણામ નૅગેટિવ અથવા અમાન્ય હોય તો પણ તમે ખાતરી કરશો કે NHSની માહિતી ચોક્કસ રહે.


તમારા પરિણામ અંગે જાણ કરવા માટે તમારે તેની નીચે એક QR કોડ, અથવા ID નંબરની જરૂર પડશે.



## ઑનલાઇન રિપોર્ટ કરો (સૌથી ઝડપી)

જો તમે ઇંગ્લૅન્ડ, વેલ્સ અથવા ઉત્તર આયર્લૅન્ડમાં રહેતા હો તો આ લિંક પર જાઓ:
**gov.uk/report-covid19-result**

જો તમે સ્કૉટલૅન્ડમાં રહેતા હો તો આ લિંક પર જાઓ:
**covidtest.scot**



## અથવા ટેલિફોનથી જાણ કરો

**119** પર કૉલ કરો

લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે (મોબાઇલ અને લૅન્ડલાઇનમાંથી મફત)

Withdrawn January 2024

# 7. તમારાં પરિણામનો શો અર્થ છે

## તમે તમારો ટેસ્ટ ત્યારે જ પૂરો કરશો, જ્યારે તમે તમારા પરિણામ અંગે જાણ કરી હોય

### પૉઝિટિવ પરિણામ

જો તમારું પૉઝિટિવ પરિણામ આવે તો એવી સંભાવના છે કે તમે COVID-19થી હાલમાં ચેપગ્રસ્ત થયા છો અને અન્ય લોકોને ચેપ લગાડો એવું જોખમ છે. તમારે સૅલ્ફ-આઇસોલેટ થવું જોઈએ. જ્યારે તમે પોતાના પરિણામ અંગે જાણ કરો ત્યારે તમને હવે પછી કયાં પગલાં લેવાં તે અંગે વધુ માહિતી આપવામાં આવશે.

**ચેતવણી**

તમારે તથા તમારી સાથે રહેતી કોઈ પણ વ્યક્તિએ હાલના રાષ્ટ્રીય અને સ્થાનિક નિર્દેશોનું પાલન કરવું જોઈએ. આ નિર્દેશો આ લિંક પરથી મળી શકશે: **nhs.uk/conditions/coronavirus-COVID-19/self-isolation-and-treatment/** અથવા **119** પર ગ્રાહક સંપર્ક કેન્દ્રને કૉલ કરીને મેળવી શકાશે. લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે.

### નૅગેટિવ પરિણામ

જો તમને નૅગેટિવ પરિણામ મળે તો એ શક્ય છે કે ટેસ્ટ કરવામાં આવ્યો હોય તે સમયે તમે ચેપગ્રસ્ત ન હો. જોકે, નૅગેટિવ ટેસ્ટ પરિણામથી એવી કોઈ ખાતરી મળતી નથી કે તમને COVID-19 નથી.

જો તમારો ટેસ્ટ નૅગેટિવ આવે તો તમારે નિયમિત હાથ ધોવા, સામાજિક અંતર રાખવું અને જ્યાં જરૂર હોય ત્યાં માસ્ક પહેરવા સહિતના રાષ્ટ્રીય અને સ્થાનિક નિયમો અને નિર્દેશોનું પાલન કરવાનું ચાલુ રાખવું જોઈએ.

જો તતમને લક્ષણો જણાય તો તમારે સૅલ્ફ-આઇસોલેટ થવું જોઈએ અને **gov.uk/get-coronavirus-test** પર જઈને અથવા **119** પર ગ્રાહક સંપર્ક કેન્દ્રને કૉલ કરીને હાલનો ભલામણ કરાયેલો ટેસ્ટ કરાવવો જોઈએ. લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે.

તમારે અને તમારા ઘરના લોકોએ રાષ્ટ્રીય નિર્દેશોનું પાલન કરવું જોઈએ.

### અમાન્ય પરિણામ

જો તમને અમાન્ય પરિણામ મળે તો તેનો અર્થ એ છે કે જ્યારે ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે તમને વાઇરસ લાગેલો હતો કે નહિ તે કહેવું શક્ય નથી. તમને કોરોનાવાઇરસ છે કે કેમ તે ચેક કરવા માટે શક્ય તેટલી જલ્દી વધુ એક ટેસ્ટ કરાવો. પ્રથમ ટેસ્ટમાંથી કોઈ વસ્તુનો ફરીથી ઉપયોગ કરશો નહિ અને પગલા 1થી ટેસ્ટની કાર્યપ્રણાલી શરૂ કરો.

### જો સમસ્યા ચાલુ રહે તો

જો સમસ્યા ચાલુ રહે તો ટેસ્ટ કિટ્સનો તાત્કાલિકપણે ઉપયોગ કરવાનું બંધ કરો. જો તમારી પાસે બીજો એક ટેસ્ટ ઉપલબ્ધ ન હોય તો તમે NHS COVID-19 ઍપ દ્વારા અથવા નીચેની લિંક પર જઈને અલગ પ્રકારનો ટેસ્ટ કરાવી શકો છો: **gov.uk/get-coronavirus-test** અથવા **119** પર ગ્રાહક સંપર્ક કેન્દ્રને કૉલ કરી શકો છો. લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે.

### 8 ટેસ્ટનો દેખાવ

જો કોઈ વ્યક્તિના શરીરમાં કોરોનાવાઇરસ (COVID-19)નાં ઉચ્ચ સ્તરો હોય તો ટેસ્ટમાં પૉઝિટિવ પરિણામ આવે એવી સંભાવના વધારે હોય છે.
આનો અર્થ એ છે કે જેઓ હાલમાં ચેપગ્રસ્ત હોય અને તાત્કાલિકપણે સૅલ્ફ-આઇસોલેટ થવું જેમના માટે જરૂરી હોય એવા લોકોની ઓળખ થવાની સંભાવના વધારે હોય છે.

### 9 તમારી ટેસ્ટ કિટનો સુરક્ષિત રીતે નિકાલ કરો

એક વખત તમારો ટેસ્ટ પૂરો થયા બાદ તમામ વપરાયેલી ટેસ્ટ કિટની બધી સામગ્રી તમારા ઘરના સામાન્ય કચરામાં મૂકો.

નિકાલ બાદ તમારા હાથ બરાબર ધુઓ.

Withdrawn January 2024


આ સૂચનાપુસ્તિકા માત્ર MP Biomedicals રૅપિડ SARS-CoV-2 ઍન્ટિજન ટેસ્ટ કાર્ડ, પ્રૉડક્ટ કોડ: 07AG6007BSનો જ ઉલ્લેખ કરે છે.
તમારા ટેસ્ટનાં બધાં પરિણામો NHSને જણાવો 17

## તમારા ટેસ્ટનાં પરિણામોની નોંધ બનાવો

તે તમારા પોતાના રેકૉર્ડ માટે છે. તમારે તમારા પરિણામ અંગે NHSને જાણ કરવાની રહેશે (માહિતી માટે જુઓ પાન 15).

આ લિંક પર જાઓ: **gov.uk/report-covid19-result**

જો તમે સ્કૉટલૅન્ડમાં રહેતા હો તો આ લિંક પર જાઓ: **covidtest.scot**

| ટેસ્ટ કિટનો QR કોડ / ID નંબર | ટેસ્ટ કોણે કર્યું | તારીખ | સમય | ટેસ્ટનું પરિણામ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

## તમારી કિટમાં નીચેની સામગ્રી છે

| વસ્તુઓ | 7-પૅક |
|---|---|
| સીલ કરેલા રૅપરમાં ટેસ્ટ કાર્ડ | 7 |
| સીલ કરેલા રૅપરમાં જંતુમુક્ત સ્વૅબ | 7 |
| ઍક્સ્ટ્રેક્શન ટ્યૂબ | 7 |
| ઍક્સ્ટ્રેક્શન બફર બૉટલ | 7 |
| ઉપયોગ માટે સૂચનાઓ (આ દસ્તાવેજ) | 1 |
| ટ્યૂબ સ્ટૅન્ડ | 1 |

Withdrawn January 2024



આ સૂચનાપુસ્તિકા માત્ર MP Biomedicals રૅપિડ SARS-CoV-2 ઍન્ટિજન ટેસ્ટ કાર્ડ, પ્રૉડક્ટ કોડ: 07AG6007BSનો જ ઉલ્લેખ કરે છે.

તમારા ટેસ્ટનાં બધાં પરિણામો NHSને જણાવો 19

NHS Test and Trace

NHS ટેસ્ટ ઍન્ડ ટ્રેસ પ્રોગ્રામ હેઠળ ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ ઍન્ડ સોશિયલ કેયર (DHSC) ડિપ્લૉયમેન્ટના ભાગરૂપે જ આ સાધનનો સપ્લાય કરવાની પરવાનગી છે.

ઉત્પાદક:
MP Biomedicals Germany GmbH
Thueringer Str. 15 37269
Eschwege, Germany (જર્મની)

CE 0123

સ્વૅબના ઉત્પાદક:
Jiangsu Hanheng Medical Technology Co.,Ltd. 16-B4,#1 North Qingyang Road, Tianning District, 213017, Changzhou, Jiangsu, China (ચીન ગણરાજ્ય)

CE 0197

EC REP Luxus Lebenswelt GmbH
Kochstr.1, 47877, Willich, Germany (જર્મની)

સ્વૅબના ઉત્પાદક:
Goodwood Medical Care Ltd. 1-2 Floor, 3-919 Yongzheng Street, Jinzhou District, Dalian, 116100 Liaoning, China (ચીન ગણરાજ્ય)

CE 0197

EC REP CMC Medical Devices & Drugs S.L.
C/ Horacio Lengo No18, CP 29006, Màlaga, Spain (સ્પેન)

## સંજ્ઞાઓનો અનુક્રમ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 4°C–30°C | 4 – 30°C પર સંગ્રહ કરો | STERILE EO | ઇથીલીન ડાયૉક્સાઇડનો ઉપયોગ કરીને જંતુમુક્ત કરાયું | | ઉત્પાદક | Σ 7 | 7 ટેસ્ટ માટે પૂરતી સામગ્રી ધરાવે છે |
| LOT | લૉટ ક્રમાંક | | આ તારીખ સુધીમાં ઉપયોગ કરવો જોઈએ | IVD | કાચની અંદરનું નિદાનાત્મક તબીબી સાધન | | પૅકેજને નુકસાન થયું હોય તો ઉપયોગ કરશો નહિ |
| | સૂર્યપ્રકાશથી દૂર રાખો | | ચેતવણી | | ફરીથી ઉપયોગ કરશો નહિ | | રિસાઇક્લેબલ |
| | કોરું રાખો | | ઉપયોગ માટે સૂચનાઓ જુઓ | CE | યુરોપિયન કન્ફર્મિટી | REF | કૅટલૉગ નંબર |
| EC REP | અધિકૃત પ્રતિનિધિ | | | | | | |

આ દસ્તાવેજમાંની બધી માહિતી અને તસ્વીરો 24/09/2021 પ્રમાણે સાચી છે. સંસ્કરણ 0002

REF 07AG6007BS



**તમારા ટેસ્ટનાં બધાં પરિણામો NHSને જણાવો**

Withdrawn January 2024